# Official Spokesperson's response to a media query on status of MV Jag Anand and MV Anastasia

**January 01, 2021**

---

## એમ.વી. જગ આનંદ અને એમ.વી.અનાસ્તાસીયાની સ્થિતિ અંગે ની  મીડિયા ક્વેરી બાબતે સત્તાવાર પ્રવક્તાનો જવાબ

જાન્યુઆરી 01, 2021

**એમ.વી. જગ આનંદ અને એમ.વી.અનાસ્તાસીયાની સ્થિતિ અંગેની મીડિયા ક્વેરીના જવાબમાં, સત્તાવાર પ્રવક્તા શ્રી અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું:**

'ગ્રેટ ઈસ્ટર્ન શિપિંગ કંપનીનું ભારતીય જથ્થાબંધ કાર્ગો  શિપ એમ.વી. જગ આનંદ 13 જૂન, 2020 થી ચીનના હેબેઇ પ્રાંતના જિંગતાંગ બંદર નજીક લંગર પર છે, જેમાં 23 ભારતીય નાગરિકો ક્રુ મેમ્બર તરીકે હતા.  બીજું  જહાજ, એમ.વી.અનાસ્તાસિયા, 20 સપ્ટેમ્બર, 2020 થી ચીનમાં કાફેઇડિયન બંદર નજીક લંગર છે જેમાં ક્રૂ મેમ્બર તરીકે 16 ભારતીય નાગરિકો છે.  આ બંને જહાજો તેમના માલના ડિસ્ચાર્જની રાહ જોઈ રહ્યા છે. લાંબા વિલંબને કારણે ક્રૂ સભ્યો પર તણાવ વધતો જાય છે. આ પરિસ્થિતિ અને અમારા ક્રૂ સભ્યો માટે વધી રહેલ વધુને વધુ મુશ્કેલ પરિસ્થિતિઓ માટે અમારી ચિંતા આ બે બાબતો ખૂબ તીવ્રતા થી  હાથ ઉપર લેવામાં આવી રહી છે.

અમે સમજીએ છીએ કે અન્ય દેશોના અન્ય કેટલાક જહાજો પણ પોતાનો માલ અનલોડ માટે  તેમનો વારો આવે તેની રાહ જોઈ રહ્યા છે.

બેઈજિંગ  સ્થિત અમારી એમ્બેસી દ્વારા ચીનના વિદેશ મંત્રાલય અને સ્થાનિક પ્રાંતીય અધિકારીઓ સમક્ષ આ બાબતો વારંવાર રજૂ  કરવામાં  આવેલ છે, અને  એવી વિનંતી પણ કરવામાં આવી હતી કે જહાજોને ડોક પર  આવવાની  મંજૂરી આપવામાં આવે અને / અથવા ક્રૂ  મેમ્બરને બદલવાની મંજૂરી આપવામાં આવે. છેલ્લા કેટલાક મહિનાઓથી તેઓ આ બાબતો નું ફોલોઅપ લઈ રહ્યા છે. ભારતીય રાજદૂતે ઉપવિદેશ પ્રધાન  સમક્ષ આ મુદ્દો વ્યક્તિગત રીતે  પણ ઉઠાવ્યો છે. આ મંત્રાલય પણ ચીની દૂતાવાસ સાથે આ મુદ્દાને રજૂ કરી  તેનું ફોલોઅપ લઈ રહ્યું છે.

ચાઈનીઝ અધિકારીઓએ એવું જણાવ્યું છે કે સ્થાનિક અધિકારીઓ દ્વારા લાદવામાં આવેલા વિવિધ COVID-19 સંબંધિત પ્રતિબંધોને લીધે, આ બંદરોથી ક્રૂ પરિવર્તનની મંજૂરી નથી. ચાઈનીઝ એમએફએ 2020 ના નવેમ્બરના અંતમાં એવું પણ જણાવ્યું હતું કે જિંગતાંગ બંદરથી ક્રૂ પરિવર્તન શક્ય નહીં  હોવાને કારણે, શિપિંગ કંપની ના એજન્ટ ચીનના ટિંજિન બંદરથી ક્રૂ રોટેશન માટે અરજી કરી શકે છે, અને સ્થાનિક અધિકારીઓ તે માટેની વિનંતીઓ પ્રાપ્ત કર્યા પછી તેની તપાસ કરશે. સંબંધિત શિપિંગ કંપનીઓને ક્રૂ મેમ્બર ચેન્જ  કરવા માટે ઝડપથી  અરજી કરવા પણ  જણાવાયું છે.

જ્યારે શિપિંગ કંપનીઓ તેમના હાલના વર્તમાન એન્કરેજથી દૂર વહાણોની સફર કરવાની લોજિસ્ટિક્સની તપાસ કરી રહી છે, ત્યારે અમારું એમ્બેસી ટિયનજિનમાં સંબંધિત અધિકારીઓ સાથે ક્રૂ પરિવર્તનની સુવિધા માટે બર્ટિંગ મંજૂરીઓ માટે સંકલન કરશે. અમે શિપિંગ કંપનીઓને એવી વિનંતી પણ કરી છે કે તેઓ સ્થાનિક ચાઈનીઝ અધિકારીઓ દ્વારા મંજૂરી માટે વહેલી તકે ક્રૂ મેમ્બર પરિવર્તન માટેની તેમની યોજના દાખલ  થાય તે  સુનિશ્ચિત કરે.

અમે એમ પણ સમજીએ છીએ કે એમ.વી.અનાસ્તાસીઆ તેના કાફેડિયનમાં લંગરના વર્તમાન સ્થાન પરથી  સમુદ્રમાં ક્રૂ પરિવર્તનની સંભાવનાની શોધ કરી રહ્યું છે. અમારા દૂતાવાસે ગઈકાલે આ વૈકલ્પિક પ્રસ્તાવ માટે ચીની અધિકારીઓને પત્ર લખ્યો છે અને તે માટે જરૂરી મંજૂરી માંગી છે.

બેઇજિંગમાં અમારું દૂતાવાસ બેઇજિંગ, હેબેઇ અને ટિઆનજિનમાં ચીનના અધિકારીઓ સાથે ખુબ નજીકના અને સતત સંપર્કમાં રહ્યું છે. આ મંત્રાલય નવી દિલ્હીમાં ચીની દૂતાવાસ સાથે પણ આ પરિસ્થિતિના વહેલા  મા વહેલા ઉકેલ માટે ફોલોઅપ લઈ રહ્યું છે.

અમે ચીની પક્ષના આ મામલે સહાયતા વધારવા માટેની તેમની તૈયારી દર્શાવતા નિવેદનોની નોંધ લીધી છે અને વહાણમાં વિકસતી ગંભીર માનવતાવાદી પરિસ્થિતિને જોતાં અમે અપેક્ષા રાખીએ છીએ કે તાત્કાલિક અને વ્યવહારુ  રીતે  અને સમય-મર્યાદા મા આ સહાય પૂરી પાડવામાં આવશે.

આ બાબતે થતા પ્રોગ્રેસ બાબતે અમે તમને અપડેટ રાખીશું. ”

**નવી દિલ્હી**

**01 જાન્યુઆરી, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.